ઈલેક્શન કાઉન્ટ-ડાઉન
VOTE 07
દિવસ બાકી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૪૨ | ૨૩ એપ્રિલ, ૨૦૧૪, બુધવાર; ચૈત્ર વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ચિલોડા પાસેથી ૧૧ હજાર કિલો ચંદન પકડાયું

## ચિલોડા વિસ્તારમાં જેઠીપુરા પાસેથી ૧૧,૧૯૫ કિલો રક્તચંદન ભરેલી ટ્રક પકડાઈ : આર.આર.સેલની ટીમે દોઢ કરોડના મુદ્દામાલ સાથે ૩ની ધરપકડ કરી : આંધ્રપ્રદેશથી ક્રિષ્ના રેડ્ડીએ માલ ભરીને મોકલ્યો હતો : આંતરરાષ્ટ્રીય રેકેટ બહાર આવે તેવી શક્યતા



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ગાંધીનગર,તા.૨૨

ગેરકાયદે રક્ત ચંદન નો મસમોટો જથ્થો ભરીને આંધ્ર-દેશથી ગુજરાત થઈને દિલ્હી તરફ લઈ જવાઈ રહ્યો હોવાની બાતમી ગાંધીનગર આર.આર.સેલ ને મળતા ટીમે ગાંધીનગર જીલ્લાના ડભોડા નજીક આવેલા જેઠીપુરા ગામ પાસે રોડ પર વોચ ગોઠવીને ૧૧,૧૯૫ કિલો રક્ત ચંદનનો જથ્થો ભરેલી ટ્રક ઝડપી પાડી હતી.રૂ.૧.૪૯ કરોડ ના મુદ્દામાલ સાથે ૩ શખ્સો ની ધરપકડ કરી લઈ ડી તપાસ શરુ કરી છે. આંતરરાષ્ટ્રીય રેકેટ બહાર આવે તેવી શક્યતા પોલીસે વ્યક્ત કરી છે.પકડાયેલા ૩ શખ્સો ની કોલ ડીટેઈલ મેળવી રેકેટના મૂળ સુધી પહોચવા આર.આર.સેલ ના પી.એસ.આઈ બોડાણા એ ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

ગાંધીનગર રેન્જ ડી.આઈ.જી.પી રાજીવ રંજન ભગતની સુચનાથી તેમની ટીમ



રાત્રે પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન પી.એસ.આઈ એલ.પી.બોડાણા ને રક્ત ચંદન ભરેલી ટ્રક વિષે માહિતી મળતા રાતે જ ડભોડા પાસે જેઠીપુરા ગામે વોચ પર ટીમ સાથે ગોઠવાઈ ગયા હતા.તમિલનાડુ પાસિંગ ની બાતમી વાળી ટ્રક પસાર થતા પકડી પડી હતી.અત્યંત દુર્ગંધયુક્ત કેમિકલ ની થેલીઓ ટ્રક માં ભરેલી દેખાઈ હતી.જે કાઢીને તપાસ કરતા તેના ઓઠા હેઠળ રક્ત ચંદન ની હેરાફેરી કરાતી હોવાનું બહાર આવ્યું હતું.પોલીસે ચેન્નાઈ ના આમીર અલી મહમદ યુસુફ મુસ્લિમ તથા એસ.કે પાલ

● અનુસંધાન પાન-૭ પર

## ચંદન દુર્ગંધયુક્ત કેમિકલ વચ્ચે સંતાડવામાં આવ્યું હતું!!

કોઈ ચેક પોસ્ટ કે ચેકિંગ પોઈન્ટ પર ટ્રક માં પડેલો માલ શેનો છે તે જોવા ની હિંમત પણ ન કરે તેવું દુર્ગંધયુક્ત કેમિકલ ચંદન સંતાડવા આ લોકો વાપરતા હતા. તે કેમિકલ ની કાયદેસર ની હેરાફેરી ની પરમીટ પણ સાથે રાખતા હતા જેથી કોઈને શક ન જાય.જો કે પરફેક્ટ બાતમી ને પગલે આ શખ્સો પકડાઈ ગયા છે.

## NEWS બિટ્સ

### ન્યુજર્સીમાં મોદી માટે મહારૂદ્ર

નરેન્દ્ર મોદી ભારતના પ્રધાનમંત્રી બને તે માટે વિદેશમાં



વસતા ભારતીયો પણ ચિંતિત છે. અમેરિકાના ન્યુજર્સીમાં ૨૬, ૨૭, ૨૮ એપ્રિલે મહારૂદ્ર યજ્ઞનું આયોજન કરાયું છે. પાંચ ફુટ ઉંચા શિવલિંગ ઉપર શુદ્ધ દેશી ઘી થી અભિષેક કરાશે. ત્રણ હજારથી વધુ ભારતીયો મહારૂદ્રની પૂજામાં જોડાશે.

### ચુંટણી-લગ્નની મોસમમાં ફુલો બન્યા મોંઘાદાટ

દેશભરમાં એક તરફ ચુંટણીનો જંગ જામ્યો છે. તમામ



પક્ષોના ઉમેદવારો ગામે ગામ મહોલ્લે મહોલ્લે રોડ શૉ કરે ત્યારે કાર્યકરો અને મતદારો ફુલહારથી ઉમેદવારોનું સ્વાગત સન્માન કરે છે. રોજ દેશમાં ૭૦૦ ટન ફુલ તો માત્ર ચુંટણીના ક્ષેત્રમાં વપરાય છે. તો બીજી તરફ લગ્નની મોસમ પણ જામી છે. લગ્નમાં શણગાર માટે વપરાતા ફુલો છેલ્લા દસ દિવસથી ૪૦ ટકાથી વધુ મોંઘા બન્યા છે. આમ આજકાલ કોમળ ગણાતા ફુલો કઠોર બનતા જાય છે.

**શૈક્ષણિક સ્ટાફ જોઈએ છે**

સદ્‌વિચાર પરિવાર વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર, ઉવારસદ ખાતે પ્રાથમિક વિભાગમાં નીચેની જગ્યાઓ માટે ૧૧ માસના કરારના ધોરણે અરજીઓ મંગાવવામાં આવે છે.

ઉદ્યોગ શિક્ષક-૧ (સિલાઈ) લાયકાત (૧)એચ.એસ.સી. પરીક્ષા H.S.C. ધો. ૧૨
(૨) ટી.ઈ.બી. માન્ય સંસ્થાનો ડીપ્લોમા કોર્ષ અથવા સમકક્ષ અભ્યાસક્રમ
(૩) P.T.C. પાસ (૪) સ્નાતક કક્ષાનો ઉદ્યોગ વિષયનો માન્ય યુનિ.નો અભ્યાસક્રમ
(માસિક રૂા. ૩૮૦૦/- ફીક્સ) ઉ. વર્ષ - ૩૦

ઉદ્યોગ શિક્ષક-૧ (ગૃહ ઉદ્યોગ) લાયકાત (૧)એચ.એસ.સી. પરીક્ષા H.S.C. ધો. ૧૨
(૨) ટી.ઈ.બી. માન્ય સંસ્થાનો ડીપ્લોમા કોર્ષ અથવા સમકક્ષ અભ્યાસક્રમ
(૩) P.T.C. પાસ (૪) સ્નાતક કક્ષાનો ઉદ્યોગ વિષયનો માન્ય યુનિ.નો અભ્યાસક્રમ
(માસિક રૂા. ૩૮૦૦/- ફીક્સ) ઉ. વર્ષ-૩૦ (અનામત વર્ગ હોય તો નિયમ મુજબ છૂટછાટ)

જરૂરી પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલો સાથે અરજી નીચેના સરનામે રૂબરૂ કે ટપાલ મારફતે સ્પીડ પોસ્ટ / રજી. એ.ડી.થી મોકલવી.

મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, સદ્‌વિચાર પરિવાર
રામદેવનગર, સમર્પણ વિદ્યાપીઠ, સેટેલાઈટ રોડ, અમદાવાદ.







